Included in the UGC Approved List of Journals

SAHITYASETU
ISSN: 2249-2372
A Peer-Reviewed Literary e-journal
Website: http://www.sahityasetu.co.in

Year-8, Issue-5, Continuous Issue-47, September-October 2018

# પોતીકા અંજવાળાના કવિ : જયંત કોરડિયા

ગુજરાતી કાવ્ય સ્વરૂપોમાં સાંપ્રત સમયમાં સૌથી વધુ ખેડાતું જો કોઈ કાવ્ય સ્વરુપ હોય તો તે ગઝલ સ્વરુપ છે. 'ગઝલ' એક રીતે જોઈએ તો ખરેખર તે સંવાદકાવ્ય છે. કેમ કે તેમાં વાતચીતની વિભાવના રહેલી છે. બાલશંકર કંથારિયાથી આજપર્યંત અનેક સર્જકોને હાથે ગઝલ સર્જાતી રહી છે. ગઝલ સર્જન એક સાધના છે. પરંપરાથી આધુનિક કાળ અને અનુઆધુનિક કાળ દરમિયાન એકાધિક સ્થિત્યંતરો માંથી પસાર થતી ગઝલ સમર્થ કવિઓના હાથે કળાત્મક સ્વરૂપે સિધ્ધ થતી રહી છે. 'ગઝલ' શબ્દ અરબી ભાષાનો છે પરંતુ ગઝલ કાવ્યપ્રકાર એ ફારસી ભાષાની દેન છે. 'ગઝલ' ફારસી-ઉર્દૂ ભાષા દ્વારા ગુજરાતીમાં અવતરી છે."૧ છેલ્લા બે દાયકાથી કેટલાક સર્જકો ગઝલ કાવ્ય સ્વરૂપો સાથે ગંભીરતાથી કામ કરી રહયા છે. એક નવી પેઢી જે ગઝલ સર્જનમાં નિસબતપૂર્વક પ્રવૃત છે તેમાં એક નામ જયંત કોરડિયા 'કેવલ' પણ છે. ' મતલબ સાફ છે ' તેમનો તાજેતરમાં પ્રસિધ્ધ થયેલો કાવ્ય સંગ્રહ છે. સંગ્રહમાંથી પસાર થતાં ખ્યાલ આવે છે કે આ સર્જક લેખક અલ્પખ્યાત છે પણ ખરા અર્થમાં શબ્દસાધક છે. કાવ્ય લેખનમાં આજે પણ એક જાગૃત સર્જક તરીકે પ્રવૃત છે. "ગુજરાતીના અધ્યાપન સાથે સંકળાયેલા આ કવિ લાંબી સાધના બાદ આપણને પોતાના પ્રથમ સંગ્રહ આપે છે. સમગ્ર સંગ્રહ કવિની ઠરેલ અને સંવેદનશીલ પ્રકૃતિનો સરળતાથી પરિચય આપે છે."૨ 'જયંત કોરડિયા' 'કેવલ' નો પ્રથમ કાવ્યસંગ્રહ 'મતલબ સાફ છે ' સંદર્ભે માંડીને વાત કરવાનો અહીં ઉપક્રમ છે.

આરંભમાં કવિ 'થોડીક અંગત વાત' શીર્ષકથી પોતાની સર્જક કેફિયત પ્રસ્તુત કરે છે : "કોઈ ક્ષણે કવિતામાં પ્રકટ થતાં શબ્દની ઊર્જા જે એક સ્તરે ભીતરનો નાદ, લાક્ષણિક મિજાજ પ્રેરિત રિધમ અને બીજાં સ્તરે જાત અને જગતથી ઝિલાયેલાં સંસ્કાર દ્વારા સર્જાતું ભાવવિશ્વ જે પોતીકી મુદ્રા સાથે ઓતપ્રોત થઈ અભિવ્યકિત પામે તે પછીની આહ્લાદક ક્ષણો મોકળાશનો અનુભવ કરાવે." સામાન્ય રીતે કોઈપણ કવિના સંગ્રહનું શીર્ષક કશાક નાવીન્ય લાવવાના હેતુથી પસંદ થયેલું જોવા મળતું હોય છે. પરંતુ અહીં તો કવિનો મતલબ સાફ છે.૩ ઠરેલ અનુભૂતિનની ઉષ્માપૂર્ણ અભિવ્યકિત અહીં પૃષ્ઠે પૃષ્ઠે ભાવકપક્ષે પ્રત્યાયનક્ષમ બને તેટલી સાહજિકતાથી સિદ્ધ થતી અનુભવાય છે અને ખરા અર્થમાં મોકળાશની પ્રતીતિ થાય છે.

'મતલબ સાફ છે' કાવ્યસંગ્રહમાં ૬૪ ગઝલ રચનાઓ, ૨ સોનેટ ગઝલ, ૧ હાઈકુ ગઝલ, ૪ ગીતરચનાઓ તેમજ ૧ પ્રયોગ ગઝલ, ૧ આઝાદ ગઝલ પ્રકીર્ણમાં કેટલીક દોહરા, ત્રિપદી, મુકતક રચનાઓ એમ કુલ ૭૬ જેટલી રચનાઓનો અહીં સમાવેશ થયો છે તેમાં ગઝલોની સંખ્યા અધઝાઝેરી છે. કહી શકાય કે ગઝલ સ્વરૂપ કવિને વધુ માફક આવ્યું છે. તો પણ બીજાં કાવ્ય સ્વરૂપોમાં પણ કવિએ સફળતાપૂર્વક હાથ અજમાવ્યો છે. કવિએ પ્રસ્તુત સંગ્રહને ત્રણ વિભાગમાં મૂકી આપ્યો છે. તેમાં ગઝલ, ગીત, પ્રકીર્ણ રચનાઓ એ રીતે ક્રમ જાળવ્યો છે. તે જ રીતે પ્રથમ ક્રમે 'ગઝલ' વિશે વાત કરીએ તો " આધુનિક પ્રગતિશીલ ગુજરાતી ગઝલે અપ્રતિમ દૈવત દાખવ્યું છે અને નવી નવી ક્ષિતિજો ઉઘાડી આપી છે, તે સાચું પણ આધુનિક નવતર ગુજરાતી ગઝલ તેની પુરોગામી પરંપરાગત ગઝલના ખભા પર બેસીને આગળ વધી છે."૪ તે સ્વીકારવું રહયું. કેમ કે પ્રસ્તુત સંગ્રહમાં પરંપરાનું મૂલ્ય છે એ વાતનો સ્વીકાર તેમજ પ્રયોગશીલતાનો ઉમળકાભેર આવકાર જઈ શકાય. સર્જન ગદ્ય હોય કે પદ્ય સર્જનપ્રક્રિયા હંમેશા કષ્ટદાયક જ હોય છે. કવિ પ્રારંભ માં એક શેર મૂકે છે :

"લખવા ખાતર કયાં કશું લખવાનું થાય છે
ભીતર ભૂકંપ થાય ને ગઝલો લખાય છે" (પૃ.૧૯)

કવિની સર્જક કેફિયત આ વાતને સાહેદી પૂરે છે "કાવ્યતદવનાં વિવિધ પડાવોએ મને ઘણીવાર રોકયો છે ટોકયો છે. અનુભૂતિનાં ઉંડાણે કશી હલચલ મચી જાય.કાવ્યચેતના ભિન્ન ભિન્ન શબ્દરૂપ ધારણ કરે એ સર્જકીય મથામણ થકવી નાખે."   જુઓ :

"માર્ગ ફૂલોના કદી કયાં હોય છે.
ઢાળ અઢવાના રહે પડકાર લઈ" (પૃ.૫૭)

"ધરબાઈને પડેલું તળથી ધરાર આવે
જેમ કાટમાળ વચ્ચે કૂંપળ બહાર આવે." (પૃ.૩૯)

"દોસ્ત ભઢ્ઢીથી ઉડયો તણખો અચાનક
એમ ભીતરથી મળ્યો મિસરો અચાનક" (પૃ.૭૧)

ઉપર્યુકત શેરો સર્જન પ્રક્રિયાનાં સૂક્ષ્મ સ્તરોનો નિર્દેશ કરે છે. કવિ જૂનાગઢ ધરાના છે, ગિરનાર ભૂમિના છે એટલે ગિરનારની વાત અને તેનું વાતાવરણ તેમના રચનાઓમાં ન આવ તો જ નવાઈ! તેમની મુસલસલ ગઝલ જુઓ :

"કે હાથ કંકુ દામો, જાણે લઈ કમંડલ
ચિરકાળથી ખડી છે ગિરનારની તળેટી
દાતાર દત્ત ગોરખ, નવનાથ ઓલિયાપીર
ધખતી ધૂણી પડી છે ગિરનારની તળેટી.
સંતો જતિ શૂરાનાં, છે ઠેર ઠેર થાનક
વૈકુંઠથી વડી છે ગિરનારની તળેટી." (પૃ.૨૩)

ઉત્કટ સંવેદના, વિસ્મય સભર કલ્પના, લાગણીનો જનોઈવઢ ઘા-ભાવપ્રાબલ્ય અને તાજગીપૂર્ણ અભિવ્યકિત પ્રસ્તુત સંગ્રહનો વિશેષ છે :

"આપે ખળખળ નદી પ્હેરી નથી શકતા
પ્હાડને ટકુહા બની ઘેરી નથી શકતા." (પૃ.૫૬)

"એકેક તણખલાનો તું સરવાળો કરે
ત્યાં કઈ રીતે ચકલી હવે માળો કરે." (પૃ.૩૭)

કવિનું ભાવવિશ્વ સમૃદ્ધ છે. સંગ્રહની ગઝલોના ઘણા મત્લા ચોટદાર છે જેમાં કવિની નિજીસંવેદનાનો સ્પર્શ છે. વળી મત્લા કહેવાની રીતિ કવિની સજજતાનો સર્જકતાનો નિરાળો પરિચય કરાવી આપે છે :

"ઝંખનાઓ જોર કરતી જાય છે
જિંદગીને થોર કરતી જાય છે." (પૃ.૩૦)

"નદીનાં જળ છીએ સ્થળની ખબર પડતી નથી અમને
અમે દર્પણ છીએ છળની ખબર પડતી નથી અમને" (પૃ.૩૩)

" હોવાપણાનો ભાર કયાં ઉતારીએ છીએ
કેવળ ખમીસ ખીંટીએ ટિંગાડીએ છીએ." (પૃ.૪૮)

"શબ્દ વિચારમાંથી જન્મે છે, ને વિચાર જન્મે છે મૌન માંથી, મૌનનો મહિમા અપરંપાર છે. સૂક્ષ્મ મૌનમાં અંતિમ ધ્યેય તરફ થતી સર્જકની યાત્રા અભિવ્યકિતનાં શ્રેષ્ઠ માધ્યમરૂપ શબ્દો દ્વારા જ સંભવે છે"૫ આ બાબતની સાહેદી પૂરતા કેટલાક શેર પણ મળી આવે છે. :

ડાળખીને કળી સહજ આપીં
મૌનથી વાંસળી સહજ આપી (પૃ.૨૫)

"ઝૂલી શકયાં ન મૌનથી લેલૂમ ડાળ પર
ખલી જવું ખમીર હતું પણ રહી ગયું" (પૃ.૩૫)

" રુગ્ણ હે, શબ્દ વાંછુ થોભી જા
મૌન માગ્યો હિસાબ લાગે છે." (પૃ.૩૨)

જયંત કોરડિયાનાં કાવ્યો-ગઝલો પણ અલંકારથી મઢેલા શબ્દોથી દૂર રહે છે. છતાં તે ભાવ અને અર્થથી ભરેલાં છે. અને કવિના વિવિધ કાવ્યાત્મક નવોન્મેષો તેમાં ઉભરાતાં જોઈ શકાય છે. સરળ અને તળધરાના તળપદા શબ્દોથી મઢાયેલો એક શેર જોઈએ :

"મોભ છીએ મોકાનો આધાર છીએ પણ
ખેદ ખેંપર જેમ ખંખેરી નથી શકતા" (પૃ.૩૨)

"આમાં આવતા 'મોભ' 'ખેદ' 'ખેપટ' 'ખંખેરી' વગેરે તળપદા શબ્દો છે. સરળ ભાષાના આ શેઅરમાં ભાવ ભરપૂર છે. તેમાં રોજિંદી બોલાતી ભાષાનો પડઘો છે., કયાંય પાંડીત્યનો ઢોળ ચઢાવેલ નથી."૬

આ સંગ્રહમાં Myth - પુરાકલ્પન વિનિયોગ દ્વારા સાંપ્રત આધુનિક સંવેદન આલેખતી અભિવ્યકિતની આગવી મુદ્રા કાર્યસાધક નીવડી છે. તેના દ્રષ્ટાંતો જોઈએ :

"શું પરોવું ખાલી હાથે બાઈજી
મોતી જ ન મળ્યું ચમકતી વીજમાં" (પૃ.૭૫)

"પ્રારબ્ધ મત્સ્ય જેમ તને છેતરી જશે
તારો જ ખુદનો હાથ ગુનેગાર લાગશે." (પૃ.૪૯)
"દોસ્ત, ઝાંખા લાખ સોનાના મુગટ
એક માથે મોરનાં પીંછા બદલ" (પૃ.૭૮)

"શબ્દ ઊંચકવાનો એક જ અર્થ છે
આંગળી પર ભાર ગોવર્ધન કરે." (પૃ.૫૪)
ઉપરાંત ચિંતનપરક શેરની સંખ્યા પણ ઓછી નથી. કળાત્મક અભિવ્યકિત સમેત રજૂ થતું જીવન ચિંતન આ સંગ્રહનો વિશેષ છે કવિની ઉડાન કેટલી ઉંચી છે. એની ખરી પ્રતીતિ થાય છે તેવા કટલાક શેર જુઓ :

"સતત વ્હેતાં સતત તરતાં તણાતાં કયાંક પહોંચીશું
અમે તરણાં છીએ તળની ખબર પડતી નથી અમને" (પૃ.૩૩)

"રટણા રહી છે એક સતત ચાલવું ભલું
થોભી ગયા તો હાથવગી હાર લાગશે " (પૃ.૪૯)

"હડસેલે ખટખટાવે અનેક આવી જાય
આ જિંદગી ય જાણ કમાડ થાતી જાય." (પૃ.૬૩)

"નથી પહોંચાતું પોતા લગ સતત મ્હોરાં બદલવાથી
રહયું ના ખુદને મળવાનું સરળ એનો અજંપો છે." (પૃ.૫૧)

એક મૃત્યુ એક એવી ઘટના, બિલ્લીપગે પ્રવેશે
હણહણતો અશ્વ કયાં છે કે માર માર આવે." (પૃ.૩૯)

અહીં રદીફ કાફિયાની સભાનતા પણ છે. શેરિયત સિદ્ધ કરવાના નિષ્ઠાવાન પ્રયત્નો છે. ગઝલને ભાવ અનુરૂપ શેર સિદ્ધ કરવામાં વિવિધ છંદ વિનિયોગ અને છંદની સફાઈ ધ્યાનાર્હ બાબતો છે. ઉપરાંત લઘુ ગુરુ અક્ષરો અને માત્રામેળ છંદ અનુરૂપ કવિ સભાનતાપૂર્વક કામ પાર પાડે છે. " ઘણા એવા એકાક્ષરી શબ્દો પણ છે છે જે વજનની દ્રષ્ટીએ ગુરુ હોવા છતાં જરૂર જણાતા લઘુ અક્ષર તરીકે ઉપયોગમાં લઈ શકાય છે. એવા એકાક્ષરી શબ્દોમાં તું, કે, ના, દે, જા, હું વગેરેનો સમાવેશ થાય છે."૭ આવા એકાક્ષરી શબ્દો કવિ સભાનપણે પ્રયોજે છે. આ બાબતે પણ સર્જકકર્મ નો વિશેષ છે તે નોંધવું રહયું.

ગઝલ સ્વરૂપ ઉપરાંત ગીતરચનાઓ વિશે વાત કરીએ તો ગીતને અપેક્ષિત લય, ભાવમાધુર્ય અલંકૃત ભાષા શૈલી, પંકિતમાં પ્રવાહિતા, ગીતસ્વરૂપને અનુરૂપ મુખડું, બંધ, અંતરા દ્વારા સિદ્ધ થતું ભાવ સંવેદન અને ચોટ સિદ્ધ કરવામાં કવિને અહીં ઝાઝી કસરત કરવી પડી નથી એટલી સાહજિક અભિવ્યકિત અને લયસિદ્ધિ ઉડીને આંખે વળગે તેવી છે તો પણ ત્રિપદી, મુકતક રચનાઓની સંખ્યા ઓછી છે તો પણ કવિકર્મ એટલું જ પ્રશંસનીય છે. સોનેટ ગઝલનો પ્રયોગ કવિ બે રચનાઓ દ્વારા પ્રસ્તુત કરે છે તેમાં પણ એક જાગૃત સર્જક તરીકે કવિ ઉણા ઉતરતા નથી. દા.ત.

"દિવસો ઠૂંઠા ઝાડ સમા પાંખડા દીધા
કલરવનાં સ્મરણોએ સૂના માળા દીધા" (પૃ.૧૦૨)

"હાંફતી છાતી ઘડી પોરો ન ખાતી
જેમ ચૂલા પર ઉકળતી ચા ઉફાણે
વૃદ્ધો લમણે હાથ રાખી મોક્ષ ઝંખે
જેમ બેઠો હોય માગણ ખાલી ભાણે"(પૃ.૧૦૩)

ગુજરાતી કવિતામાં કેટલાક સમર્થ સર્જકો " 'રે મઠ' ની નવી કવિતાના આંદોલનમાં સામેલ થાય છે અને પરંપરાની ભીતર અનુભવાયેલ નવોન્મેષ નવીન કવિતા-ગઝલમાં પ્રવૃત થાય છે. તેમાં રાજેન્દ્ર શુકલ, આદિલ, ચિનુમોદી, રમેશ પારેખ, મનોજ ખંડેરિયા જેનાં સર્જકોમાં પ્રયોગશીલ ગઝલકાર તરીકે મનોજ ખંડેરિયાનું પ્રદાન નોંધનીય છે. તેમાં ગઝલની આકારલક્ષી ઈબારત ઉદાહરણ તરીકે તેમની હાઈકુ ગઝલ ગુજરાતી ગઝલમાં નવો પ્રયોગ છે."૮ ત્યારબાદ આવા પ્રયોગો બહુજૂજ જોવા મળ્યા છે. અહી પણ 'ઘર' શીર્ષકથી હાઈકુ ગઝલનો પ્રયોગ કરવાનો પ્રયત્ન સફળ રહયો છે. જુઓ :

" બંધ બારણે
છાને ખૂણે ખાલીપો
આકાર ઘર."

તે ઉપરાંત એક આઝાદ ગઝલ અને એક પ્રયોગ ગઝલ જેવી રચનાઓ મૂકીને કવિએ આ સંગ્રહમાં વિવિધતા લાવવા પ્રયત્ન કર્યો છે એટલી કહી શકાય કે "કેટલાંક કાવ્યો સીધાસાદા લાગે પણ ભીતર તેમાં રહેલો ગૂઢાર્થ છતો થાય ત્યારે વાચકને નવીન પ્રકારની કાવ્યાનુભૂતિ થાય છે."૯ એ બાબત અવશ્ય નોંધવી પડે.

સમગ્ર દ્રષ્ટીએ નોંધીએ તો આ સંગ્રહમાં કેટલીક લાક્ષણિકતાઓ જરૂર જોઈ શકાય. અહી છંદની સફાઈ તેમજ વિવિધ છંદ-બહર પ્રયોજન ધ્યાન ખેંચે છે. એક ઉચ્ચકોટીના સર્જક તરીકેની ગહતાનું દર્શન કરાવતી આ રચનાઓમાં સાંકેતિક ભાષા વધારે વપરાઈ છે. તો પણ બોલચાલની ભાષામાં કયાંક સીધી સરળ રીતે લખાયેલી આ ગઝલ સ્વરૂપને તેની ગઝલ ગરિમાને કયાંય હાનિ પહોંચાડતી નથી. કલ્પન, પુરાકલ્પન, પ્રતીકના વિનિયોગથી દાર્શનિક ભૂમિકાએ આ રચનાઓ સિદ્ધ થતી અનુભવાય છે. અહીં વ્યાપક સંવેદનાઓ અને અસ્ખલિત વહેતા ભાવ પ્રવાહને આપણને પરિચય મળે છે. ગઝલોમાં અર્થ ગાંભીર્ય અને શબ્દ ચમત્કૃતિ એમ બન્ને છે. કયારેક અપૂર્વ લાઘવ કવિએ સાધ્યું છે. જુદી જુદી ક્રિયાઓ બતાવી ભાષા પાસેથી કામ લીધું છે. માર્મિક શૈલી દ્વારા સીધો ઘા કરીને કથયિતવ્યનું સોંસરાપણું સિદ્ધ કર્યુ છે. તો કયાંક રવાનુકારી શબ્દ પ્રયોગ કરી અવાજને પણ શ્રુતિગોચર કર્યો છે. ભાવકને ખબર ન પડે એવી રીતે વ્યંજના કે લક્ષણા દ્વારા કવિ એક ચમત્કૃતિ, ભાવકૃતિ અને બોધકૃતિ પણ સર્જે છે. અહીં બોધ સીધી રીતે નહીં પણ પરોક્ષ રીતે આવે છે તેમાં કાવ્યની ગરિમા છે ઘણીવાર કવિની કેટલીક તામીર મત્લાના શેર પર પણ ઉભેલી દેખાય છે. તેમાં સર્જકનો મતલબ સાફ જણાય આવે છે. " આ સંગ્રહમાં કવિએ સર્જેલા ભાવ વિશ્વમાં સુખનની

આહલાદતકતાનું પ્રત્યાપન થયું છે. કવિએ સાફ મતલબ સાથે આ સંગ્રહ સમાજને ભેટ ધર્યો છે. દરેક રચનામાં આર્જવતા, સુશ્લિષ્ટ શબ્દો, વિવિધ તસવ્વુર અને નિરવદ્ય ભાવસૃષ્ટિ આ સંગ્રહ તરફ સૌ કોઈને આકર્ષી રહી છે."૧૦ અર્થાત 'મતલબ સાફ છે.' કાવ્યસંગ્રહમાં સર્જકની નિસબત પૂર્વકની શબ્દ સાધનાનો સુરેખ પરિચય મળી રહે છે. આ સંગ્રહને આવકારતા જાણીતા કવિ મિલીન્દ ગઢવી લખે છે. : "કશુંક આવડે છે" ની કાંચળી ઉતરે પછી જ "કશુંક સાંપડે છે." ની ત્વચાને સ્પર્શી શકાતું હોય છે..... એમની કવિતામાં ચબરાકી નથી પણ ચમત્કૃતિ ચોક્કસ છે અને આ બન્ને વચ્ચેનો અને બન્ને માંહયલો ભેદ પણ એમણે સુપેરે આત્મસાત કર્યો છે.... સંવેદના અને વેદના સાથે સરખો સાથીયો ધરાવતા આ કવિ કેટલાંક નિર્દેશાત્મક નિવેદનો સાથે નાવીન્યતા નેવીગેશન તરફ પણ લઈ જાય છે..... ગઝલના મિજાજને માફક આવ એવુ અને એટલું ચિંતનાત્મક મનન પણ મૌલિકતા ઓઢીને આ કવિની કવિતામાં વિનિયોગ પામ્યું છે.... એમના અવાજમાં આભાસ નહી, અભ્યાસ દેખાય છે. આ કવિએ પોતીકા અજવાળાને બીજાથી અલગ તારવવાના સાર્થક પ્રયત્નો કર્યા છે."૧૧ આમ જયંત કોરડિયા 'કેવલ' નો કાવ્યસંગ્રહ 'મતલબ સાફ છે.' અનુભૂતિપરક સુક્ષ્મ સંવેદન સ્તરે સર્જાયેલી રચનાઓનો સમૃધ્ધ સંગ્રહ છે. સાંપ્રત ગુજરાતી કવિતાના ઈતિહાસમાં ઉમેરણ પામેલુ ઉજળુ પૃષ્ઠ એટલે 'મતલબ સાફ છે'

**('મતલબ સાફ છે' – જયંત કોરડિયા 'કેવલ' આવૃતિ : ૨૦૧૭ પ્રથમ આવૃતિ, પ્રકાશક : મીડિયા પબ્લીકેશન, જૂનાગઢ)**

**સંદર્ભસૂચિ**


૧. 'ગઝલ લોક' (૨૦૦૮) – ડો.રશીદ મીર, (પૃ.૩૦)
૨. 'મતલબ સાફ છે' (૨૦૧૭) ઉર્વીશ વસાવડા, (અંતિમ પૃષ્ઠ)
૩. 'મતલબ સાફ છે' (૨૦૧૭) જયંત કોરડિયા, (પૃ.૦૬)
૪. 'શબ્દસૃષ્ટિ' અંક : નવે.ડિસે.(૧૯૯૦) ભગવતી કુમાર શર્મા (પૃ.૧૦૭)
૫. 'સમજીએ ગઝલનો લય' (૨૦૦૮) જિતુ ત્રિવેદી (પૃ.૦૫)
૬. 'ધબક' જૂન-૨૦૧૮ અંક, ચંદ્રકાન્ત પટેલ (પૃ.૪૦)
૭. 'છંદ સમજ ગઝલ સહજ' (૨૦૦૯) નઝર ગફુરી(પૃ.૧૪)
૮. 'ગઝલ ગ્રાફ' (૨૦૦૮) ગુણવંત ઉપાધ્યાય (પૃ.૨૧૪)
૯. 'તાદર્થ્ય' જૂન-૨૦૧૮ અંક કિરીટ દવે (પૃ.૪૮)
૧૦. 'કવિલોક' માર્ચ-એપ્રિલ અંક – ૨૦૧૮ ચંદ્રકાન્ત પટેલ ' સરલ ' (પૃ.૩૫)
૧૧. 'મતલબ સાફ છે' (૨૦૧૭) મિલીન્દ ગઢવી (પૃ. ૧૦,૧૧)



**પ્રા.આનંદ એન. બથિયા,** 'વ્રજ' ક્રિષ્ના પાર્ક સોસાયટી, ચોવટીયા વાડી, એરપોર્ટ રોડ, કેશોદ-૩૬૨૨૨૦
મો. ૯૬૦૧૬ ૨૫૭૯૧ E mail :- bathiaanand77@gmail.com